

**ભિલોડાના નારણપુર ગામમાં ઘરે ઘરે શાકભાજીનું વિતરણ કરાયું**

કોરોના વાયરસની મહામારીનું સંક્રમણ વધતા લૉકડાઉન પાર્ટ-૨ દરમ્યાન શ્રમજીવી પરીવારોની હાલત અત્યંત દયનીય હોઈ જીવન જરૂરીયાતની ચીજ વસ્તુઓ સેવાભાવી કાર્યકરો ઘરે ઘરે પહોંચાડી રહ્યા છે. અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના નારણપુર ગામમાં માનવતાની મહેંક પ્રસરી છે. ગુજરાત ક્ષત્રિય ઠાકોર સેના, નારણપુર ગ્રામ સમિતિના કરણજી ઠાકોર, ચિરાગજી ઠાકોર, હોદ્દેદારો, સેવાભાવી નવયુવાન સામાજીક કાર્યકરો ધ્વારા નારણપુર પંથકમાં જરૂરીયાતંમદ પરીવારોના ઘરે ઘરે શાકભાજીનું વિતરણની વ્યવસ્થા કરાઈ હતી. નારસોલી ગામમાં વિધવા બહેનોના ઘરે શાકભાજીનું વિતરણ કર્યું હતું. સેવા પરમો ધર્મ નિભાવતા માનવતાની મહેંક પ્રસરી હતી.




**લીલછા દુધ ડેરીમાં સોશિયલ ડિસ્ટન્સિંગ સાથે દુધ ભરાવતા પશુપાલકો**

ભિલોડા તાલુકાના લીલછા ગામમાં ધી લીલછા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી. પરીસરમાં પશુ પાલકોએ સોશિયલ ડિસ્ટન્સિંગ સાથે દુધ ભરાવીને ઉત્તમ ઉદાહરણ પુરૂ પાડ્યું છે. કોરોના વાયરસથી રક્ષણ મળી રહે તે માટે સોશિયલ ડિસ્ટન્સિંગ જાળવવું અત્યંત આવશ્યક હોઈ દુધ ઉત્પાદકોએ ગ્રામ્ય વિસ્તારમાં પણ અભુતપુર્વ સહકાર આપી રહ્યા છે. ધી લીલછા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી. ચેરમેન અળખાભાઈ રાઠોડ, વા.ચેરમેન, સેક્રટરી, વ્યવસ્થાપક કમિટિ સભ્યો, દુધ ઉત્પાદકો,જાગૃત ગ્રામજનો ધ્વારા દુધ ઉત્પાદકોને સોશિયલ ડિસ્ટન્સિંગ જાળવવા અપીલ કરાઈ હતી.

## ભિલોડામાં પોલીસકર્મીઓને ભોજન અપાયું

કોરોના વાયરસની વૈશ્વિક મહામારી દરમ્યાન વડાપ્રધાન ધ્વારા લૉકડાઉન પાર્ટ - ૨ ને લંબાવાયું છે.કોરોના વાયરસને પ્રસરતો અટકાવવા અને બિનજરૂરી અવરજવર કરતા લોકોને અટકાવવા પોલીસ ખડેપગે ફરજ બજાવે છે.ભિલોડામાં પોલીસ કર્મીઓને ભોજન અપાયું હતું.પોલીસ કર્મીઓ લૉકડાઉન દરમ્યાન ખડે પગે ફરજ પર હાજર રહેતા હોય છે.ભિલોડા-નવા ભવનાથ વિસ્તારના સેવાભાવી દક્ષેશભાઈ રાવલ,નવા ભવનાથ શ્રી ભુવનેશ્વર મહાદેવ મંદિર ટ્રસ્ટના ટ્રસ્ટી જયેશભાઈ રાવલ ધ્વારા પોલીસ કર્મીઓને શુધ્ધ, સાત્વિક, પૌષ્ટીક ભોજન આપી સેવાકીય કાર્યો કરી રહ્યા છે.

# રાજસ્થાનના કોરોના હોટસ્પોટ ભીલવાડાથી મેઘરજ આવેલા ૬ વેપારીઓના કોરોના રિપોર્ટ નેગેટિવ

રાજ્યમાં કોરોના કોહરામ યથાવત જોવા મળી રહ્યો છે. રાજ્યમાં અત્યાર સુધીના કુલ પોઝિટીવ દર્દીઓની સંખ્યા ૬૧૭ પર પહોંચી ગઈ છે. અરવલ્લી જીલ્લાંની રાજસ્થાન રાજયને જોડાતી આંતરરાજ્ય સરહદો સીલ હોવાના દાવાઓ વચ્ચે રાજસ્થાનમાં કોરોનાના હોટસ્પોટ જાહેર થયેલા કોરોનાથી સંક્રમિત બનેલા ભીલવાડા જીલ્લાના ૬ વેપારીઓ રવિવારે રાત્રે વાહન મારફતે મેઘરજમાં પહોંચતા ભારે હડકંપ મચ્યો હતો. મેઘરજ આરોગ્યતંત્રએ પોલીસના સહયોગથી ભીલવાડાના ૬ વેપારીઓ ઝડપી પાડી સ્ક્રીનિંગ કરી મોડાસાની કોવીડ હોસ્પિટલમાં આઈસોલેશન વોર્ડમાં ખસેડી જીલ્લા આરોગ્ય




વિભાગે કોરોનગ્રસ્ત તો નથી ને તે માટે તમામ ૬ લોકોના સેમ્પલ પરીક્ષણ માટે સોમવારે અમદાવાદ મોકલી આપવામાં આવ્યા હતા. મંગળવારે તમામના રિપોર્ટ નેગેટિવ આવતા તંત્રએ અને લોકોએ હાશકારો અનુભવ્યો હતો.

અરવલ્લી જીલ્લામાં અત્યારસુધી એક પણ કેસ કોરોનાનો મળ્યો નથી જેના કારણે લોકોએ હાશકારો અનુભવ્યો છે. બીજી બાજુ જીલ્લાને અડીને આવેલા રાજસ્થાનમાં કોરોનાની મહામારીએ જીલ્લાને અડીને આવેલા વિસ્તારોમાં પગપેસારો કરતા અરવલ્લી જીલ્લામાં કોરોના વાયરસ ગમે તે ઘડીએ દસ્તક દેતો નવાઈ નહિ નો સંદેહ વ્યક્ત થઈ રહ્યો છે. ત્યારે સરહદો પરની ઢીલી નીતિની પોલ ભીલવાડાના વેપારીઓએ ખુલ્લી પાડી દેતા વહીવટીતંત્ર અને પોલીસતંત્રમાં ભારે હડકંપ મચ્યો હતો. અરવલ્લી જીલ્લા પોલીસતંત્રએ વધુ એકવાર આંતરરાજ્ય સરહદો પર ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દઈ ભીલવાડા થી આવેલા ૬ શખ્સો સામે જાહેરનામા ભંગની ફરિયાદ નોંધી કાયદેસરની કાર્યવાહી કરવા તજવીજ હાથ ધરી હતી.

# લોકડાઉનના સંકટ સમયે વડગામના છાપીમાં વેપારીએ માનવતા નેવે મુકી

### મજૂર પરિવાર ત્રણ દિવસ પાણીના સહારે

વડગામ, તા. ૧૪

સમગ્ર વિશ્વમાં કોરોનાએ હાહાકાર મચાવી રહ્યો છે. જેમાં ભારત અને ગુજરાત પણ



કોરોનાની મહામારીમાં છપડાઇ રહ્યું છે. સરકાર દ્વારા આપવામાં આવેલા લોકડાઉનમાં રોજેરોજ કમાઈને ખાતા પરિવારોની હાલત કફોડી બની છે.

જેની પ્રતિતી કરાવતો કિસ્સો વડગામ તાલુકાના છાપી ગામમાં જોવા મળ્યો છે. છાપીમાં બુરખાની દુકાનમાં કામ કરતો એક એમ્રોડરીના કારીગરને લોકડાઉન સમયે ઘરમાં હતું તે જમવાનું પુરૂ થઈ જતા આ કારીગર દ્વારા કામ કરતા માલિક પાસે રૂપિયા તેમજ કરીયાણાની માંગણી કરતા માલિકે પોતાના ત્યાં એમ્રોડરી કરીને મજુરી કરતા કારીગરની મદદે આવવાની જગ્યાએ આવા કપરા સમયે મોં ફેરવી દેતા આ મજુરી કરીને ગુજરાન ચલાવતા પરિવારને ટંકનું ખાવાનું મુશ્કેલ બન્યું હતું. આ સમગ્ર બનાવની જાણવા મળતી વિગત અનુસાર વડગામ તાલુકાના છાપી ગામમાં બુરખાની એક દુકાનમાં એમ્બ્રોડરીનું કામ કરતો અબ્દુલ કરીમખાન મજૂર પરિવારને પૈસા તેમજ ખાવાનું ખુટતા માલિક પાસે કરીયાણુ તેમજ પૈસાની માગણી કરતાં માલિકે માનવતા નેવે મુકીને મોં ફેરવી દીધું હતુ. જેના કારણે મજુર પરિવારે ત્રણ દિવસ પાણી પીને ગુજાર્યો હતા. આ અંગેની જાણ છાપી પોલીસ મથકના જીએચજીના જવાન ગીરીશભાઈ જોષીને થતાં તેઓએ તાત્કાલિક મજુર પરિવારને રાશનની કીટ લાવી આપી હતી અને માનવતાના દર્શન કરાવ્યા હતા. આ મજુર પરીવારે જણાવ્યું હતું કે હૂ મારા કામ કરતા માલિકે પાસે ફોન કરતા તેઓએ મને કોઈ જ મદદ કરી ન હતી અને ત્રણ દિવસ ભુખ્યા જ ઘરમાં પાણી પીને ગુજાર્યો હતા.

## બનાસકાંઠા માટે રાહતના સમાચાર

# કોરોના પોઝીટીવના સંપર્કમાં આવેલા લોકોના રિપોર્ટ નેગેટીવ આવ્યા

### બાળકના સંપર્કમાં આવેલા પરિવારજનો અને ચંડીસરના ડોકટરનો રિપોર્ટ પણ નેગેટીવ આવ્યો

બનાસકાંઠા જિલ્લામાં નોવેલ કોરોના વાયરસના સંક્રમણને અટકાવવા જિલ્લા વહીવટીતંત્ર દ્વારા યુધ્ધના ધોરણે કામગીરી કરવામાં આવી રહી છે. બનાસકાંઠા જિલ્લા માટે રાહતના સમાચાર છે કે ગઈકાલે જિલ્લામાંથી બે કેસ કોરોના પોઝીટીવ નોંધાયા હતાં તેમના સંપર્કમાં આવેલા લોકોના સેમ્પલ લઈ રિપોર્ટ માટે લેબમાં મોકલવામાં આવ્યા હતાં. તે તમામના રિપોર્ટ નેગેટીવ આવ્યા છે. કોરોના પોઝીટીવ આવનાર વાવ તાલુકાના મીઠાવીચારણ ગામના ૫ વર્ષીય બાળક મહેક અરવિંદભાઈ વડાલીયાના સંપર્કમાં આવેલા ૮ જેટલાં લોકો અને પાલનપુર તાલુકાના ગઠામણ ગામના ૫૫ વર્ષીય સોમાભાઈ ખેમાભાઈ પરમારની સારવાર કરનાર ચંડીસર સી.એચ.સી.ના ડૉકટરના ગઈકાલે સેમ્પલ લઈ લેબમાં મોકલવામાં આવ્યા હતા. આ તમામ સેમ્પલના રિપોર્ટ નેગેટીવ આવ્યા છે. આ બે પોઝીટીવ લોકોના સંપર્કમાં આવેલા અન્ય લોકોના પણ સેમ્પલ લઈ રિપોર્ટ માટે મોકલવામાં આવ્યા છે જેના રિપોર્ટ આવતીકાલે આવશે તેમ આરોગ્ય કચેરી દ્વારા જણાવાયું છે.



**કોરોનાને લઈને લોકોમાં જાગૃતતા આવી સ્વેચ્છાએ લોકડાઉનનું પાલન**

કોરોનાને લઈ લોકોમાં ક્યાંકને ક્યાંક ભયનો માહોલ જોવા મળી રહ્યો છે અને લોકોમાં જાગૃતતા પણ આવી છે બનાસકાંઠા જિલ્લામાં કોરોના કેસ પોઝિટિવ આવતા તંત્રની સાથે લોકોએ પણ એલર્ટ બન્યા છે વાત કરવામાં આવેલા બનાસકાંઠા જિલ્લાના ધાનેરા ધાનેરામાં લોકો સ્વેચ્છાએ પોતાના વિસ્તારને લોકડાઉન કરી રહ્યા છે અને બોર્ડ લગાવી અનધિકૃત વ્યક્તિને વિસ્તાર માટે પ્રતિબંધ મુકવા આવ્યો છે.




**હિંમતનગરમાં એનસીસીના ક્રેડેટસ કોરોના વોરિયર બન્યા**

સાબરકાંઠા જીલ્લામાં લોકડાઉનમાં પોલીસ શહેર સહીત જીલ્લામાં ફરજ બજાવે છે. તો તેની સાથે નિવૃત લશ્કરના જવાનો પણ જોડાયા છે ત્યારે મંગળવારથી હિંમતનગર શહેરના ત્રણ પોલીસ સ્ટેશનમાં ૧૮ ક્રેડેટસ પણ સવારથી ફરજ પર જોડાઈ ગયા હતા. આમ તો જીલ્લાના ઈડરમાં ૧૨, તલોદમાં ૧૩, પ્રાંતિજમાં ૧૩ ક્રેડેટસની આજે તાલીમ યોજાયા બાદ મેડીકલ ચેકઅપ કરાયું હતું જેને લઈને બુધવારથી ઈડર અને તલોદમાં એનસીસી ક્રેડેટસ પોલીસ સાથે ફરજમાં જોડાશે એવું ૩૪ ગુજરાત બટાલિયન એનસીસી હિંમતનગરના કર્નલ મનીષ ધવને જણાવ્યું હતું. સોમવારે તમામ એનસીસી ક્રેડિટસનું ઓફીસ ખાતે સોશ્યલ ડિસ્ટન્સ સાથે નાયબ પોલીસ અધિક્ષક વિશાલ રબારી, ટ્રાફિક પીએસઆઈ એ.વી. દેસાઈની ઉપસ્થિતિમાં તાલીમ આપવામાં આવી હતી જે ક્રેડેટસે મંગળવારથી હિંમતનગરના એ-ડીવીજન, બી-ડીવીજન અને હિંમતનગર ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં વિસ્તારમાં ફરજ પર હાજર થઈને કોરોના વોરિયર બન્યા હતા.

# પાલનપુર નગરપાલિકાના સફાઈ કર્મીઓને માસ્ક ગ્લોઝ આપવા ઉગ્ર માંગ

પાલનપુર નગરપાલિકાના સફાઈ કર્મીઓને કોઈ પણ પ્રકારની સેફ્ટી વગર જ સફાઈ કામ માટે મોકલી દેવામાં આવતા નગરપાલિકાની ગંભીર બેદરકારી સામે આવી છે. કોરોના વાયરસની મહામારીને પગલે દેશના વડાપ્રધાને લોકડાઉન જાહેર કરી દીધું છે. લોકડાઉનનો સમયગાળો હજુ સુધી પણ લંબાય તેવી શક્યતા છે. ત્યારે રાજ્ય સરકાર અને વહીવટી તંત્ર એક તરફ આમ જનતાને પણ મોઢા પર માસ્ક અને હાથમાં ગ્લોઝ પહેરવા અને એકબીજા સાથે હાથ મિલાવવા સહિતની બાબતો પર ખૂબ જ ધ્યાન રાખવા માટે અપીલ કરી રહી છે. ત્યાં બીજી તરફ પાલનપુર નગરપાલિકાના સફાઈ કર્મીઓ પાસે ઉપરોક્ત મુજબની કોઈ બાબત લાગુ પડતી નથી કે કેમ તેવા દ્રશ્યો પાલનપુરમાં જોવા મળ્યા છે. પાલનપુર નગરપાલિકા વિસ્તારમાં સફાઈ કામ માટે રાખવામાં આવેલા સફાઈ કર્મીઓ કે જેમની આરોગ્યની ચિંતા પણ કરવામાં આવતી ન હોવાનું જોવા મળ્યું છે. પાલનપુરમાં સફાઈ કર્મીઓને કોઈ પણ પ્રકારની સેફ્ટી કિટ પણ આપવામાં આવેલ નથી. જેમાં સફાઈ કર્મીઓ ગ્લોઝ, માસ્ક કે અન્ય કોઈ જરૂરી સેફ્ટી વિના જ સફાઈ કામ કરતા જોવા મળી રહ્યા છે. ત્યારે કોરોનાની આવી કપરી પરિસ્થિતિમાં શું સફાઈ કામદારોના જીવનનું કોઈ મહત્વ નથી કે કેમ તેવા સવાલો ઉઠ્યા છે. ઉલ્લેખનીય છે કે પાલનપુર નગરપાલિકા વિસ્તારમાં સફાઈ કામ માટે કોન્ટ્રાકટર દ્વારા સફાઈ કર્મીઓ પાસે કામગીરી કરવામાં આવતી હોય છે. ત્યારે કોન્ટ્રાક્ટર દ્વારા કામદારોની સેફ્ટી માટે કોઈ જ પ્રકારની દરકાર લેવામાં ન આવતાં સફાઈ કામદારો માટે આવી કપરી પરિસ્થિતિમાં મુશ્કેલી સર્જે તેમ હોય આ બાબતની જિલ્લા કલેકટર દ્વારા ગંભીર નોંધ લેવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે.



**ડીસામાં આગામી લોકડાઉનને લઈ અધિકારીઓની બેઠક યોજાઈ**

મંગળવારે લોકડાઉનનો અંતિમ દિવસ દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારાં બીજા તબકાનું ૧૯ દિવસનું વધુ લોકડાઉન વધારવાનો નિર્ણય જાહેર કરવામાં આવ્યો છે. જેને લઈને સમગ્ર ડીસા તાલુકામાં લોકડાઉનનો કડકાઈથી અમલ કરવામાં આવે અને સાથે સાથે નાના અને ગરીબ માણસને કોઈ પણ જાતની તકલીફ ન પડે તે માટે ડીસા ધારાસભ્ય શશીકાન્ત પંડ્યાએ નાયબ કલેક્ટર ડીસાનું અધ્યક્ષતા એક બેઠકનું આયોજન કર્યું હતું.

# દેશી દારૂની પોટલીઓ સાથે પસાર થતા બુટલેગરની બાઈક સ્લીપ થતાં...

મોડાસા, તા. ૧૪

કોરોના મહામારીને લઈને સમગ્ર દેશ લોકડાઉન છે. લોકડાઉન ૩ મે સુધી લોકડાઉન વધારવાનો નિર્ણય કર્યો છે. પોલીસતંત્ર લોકડાઉનની અમલવારી અને કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જાળવવા કમરકસી રહી છે, બીજીબાજુ બુટલેગરો પોલીસતંત્રની વ્યસ્તતાનો ફાયદો ઉઠાવી રહ્યા છે. મોડાસા શહેર સહીત અરવલ્લી જીલ્લામાં દેશી-વિદેશી દારૂની રેલમછેલ જોવા મળી રહી છે. મોડાસા મહિલા પોલીસ સ્ટેશન નજીક બાઈકપર દેશી દારૂની પોટલીઓ સાથે પસાર થતા બુટલેગરની બાઈક સ્લીપ થતા બાઈક સાથે રોડ પર પટકાતા દેશી દારૂની પોટલીઓ ફૂટી જતા રોડ પર દેશી દારૂની રેલમછેલ થતા દારૂબંધીની અમલવારીનો પરપોટો ફૂટી ગયો હતો નવાઈની વાત તો એ હતી કે પોલીસ જીપ નજીક ઉભી હોવા છતાં તમાશો જોઈ રહી હોય તેવા દ્રશ્યો જોવા મળ્યા હતા.

અરવલ્લી જીલ્લા



પોલીસતંત્ર લોકડાઉનની અમલવારી સાથે સેવાકીય કાર્યો કરી પ્રશંસનીય કામગીરી કરી રહી છે ત્યારે બુટલેગરો પોલીસની વ્યસ્તતાનો ફાયદો ઉઠાવી દારૂના નશેડીઓને ઘરે બેઠા દેશી-વિદેશી દારૂની હોમડિલિવરી આપી નફો રળી રહ્યા છે. ચાર રસ્તા પર લોકડાઉનની અમલવારી માટે ટાઉન પોલીસ સહીત પોલીસતંત્રની અન્ય શાખાના કર્મીઓ પણ રાઉન્ડ ધી ક્લોક ફરજ બજાવી રહ્યા છે ત્યારે કાર અને બાઈક પર દેશી-વિદેશી દારૂનું વહન કરતા બુટલેગરો થાપ આપવામાં સફળ રહ્યા કે પછી પોલીસતંત્રના આંખ આડે કાન...!!! સહીત ની ચર્ચાએ જોર પકડ્યું છે.

મંગળવારે સવારે પલ્સર બાઈક પર દેશી દારૂની પોટલીઓ સાથે પસાર થતા બુટલેગરે મોડાસા ચાર રસ્તા નજીક મહિલા પોલીસ સ્ટેશન નજીક બાઈક પરથી કાબુ ગુમાવતા બાઈક સ્લીપ થતા બુટલેગર નીચે પટકાતા તેની પાસે રહેલી દારૂની પોટલીઓ રોડ પર વેર વિખેર થઈ જતા દારૂની રેલમછેલ થતા રોડ પરથી પસાર થતા વાહનચાલકો પણ આશ્ચર્ય ચકિત બન્યા હતા. બુટલેગરે બાઈક ઉભી કરવાનો પ્રયત્ન કરવાનો કર્યો હતો પણ બુટલેગર પણ પીધેલો હોવાથી બાઈક ઉઠાવવામાં નિષ્ફળ રહેતા રફુચક્કર થઈ ગયો હતો.